# પંપાળવી ગમતી હતી પીડા બધી, એ પણ પછી વસમી પડી સારું થયું!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

આદમભાઈ અન્સારી સાધારણ માણસ. ઈસાનપોરમાં એમનું સરસ મઝાનું મકાન ને અમીના નામની કામગરી પત્ની એટલે આદમભાઈને તકલીફ કોઈ વાતની નહોતી. હા, દુઃખ એક વાતનું હતું કે એમનો દીકરો હુસેન દસ વરસનો થયો પણ શાળામાંથી પહેલા ધોરણમાં લખતા-વાંચતા શીખ્યો, એ સાથે જ એણે શાળાને રામ રામ કરી દીધા હતા! બસ, ગામમાં મિત્રો સાથે રખડવું એ જ એનો વ્યવસાય બની ગયો. આદમભાઈને આ જ દુઃખ હતું, બીજી કોઈ ઉપાધિ નહોતી. આદમભાઈની કાપડની દુકાન સારી ચાલતી હતી એટલે ખાવાપીવામાં વાંધો નહોતો આવતો અને કદાચ તૂટો પડે તો એમની સાથે રહેતો એમનો ભાઈ નઝીર દર મહિને એમને મદદ કરતો જ હતો. નઝીર અને એની પત્ની પણ આદમભાઈની સાથે જ રહે. એમને કોઈ સંતાન નહોતું એટલે એમના વ્હાલનો કળશ હુસેન પર ઢળેલો. નઝીર બારડોલીના મહાત્મા ગાંધી રોડ પર શિવાઝ ગેરેજમાં હેડ મિકેનિક તરીકે નોકરી કરતા હતા ને પગાર પણ સારો હતો. સાંજના નઝીરકાકા એમની જૂની મોટરસાઈકલ પર ઘેર આવે ત્યારે હુસેન એમને તાકી રહેતો - ડીઝલ ને ઓઈલવાળા હાથ, કપડાં ને પરસેવે રેબઝેબ ચહેરો! એક સાંજે બધાં વાળુ કરવા બેઠાં ત્યારે આદમભાઈએ પોતાની હૈયાવરાળ થાળીમાં ઠાલવી. "નઝીર," એમણે કહ્યું, "આ હુસેન બાર વરસ વટી ગયો. નથી ભણતો કે નથી કંઈ કામધંધો કરતો. એનું શું થશે એ જ મને સમજાતું નથી.'' "તને ગેરેજમાં ગાડી રિપેર કરવાનું મળે એમાં રસ ખરો હુસેન?'' નઝીરે આદમભાઈને જવાબ આપ્યા વિના સીધી હુસેન જોડે જ વાત શરૂ કરી દીધી.

"હા કાકા," હુસેને આનંદથી કહ્યું, "મને તો ગેરેજમાં કામ કરવું ગમે. બહુ ગમે. મને તમારી જોડે લઈ જાવ."

"સારું," કહીને નઝીરે વદનકમળ આદમભાઈ તરફ ફેરવ્યું, "મોટાભાઈ, હુસેન માટે હું કાલે મારા શેઠને વાત કરીશ. એ હા પાડશે તો પરમ દિવસથી જ એને મારી જોડે લઈ જઈશ.'' "ઈન્શાલ્લા," આદમભાઈ ખુશ થઈને બોલ્યા, "તને ઠીક લાગે એમ કરજે." બીજા દિવસે સવારે નઝીરભાઈ મોટરસાઈકલ લઈને બારડોલી જવા નીકળ્યા, ત્યારથી એ સાંજના ઘેર આવ્યા ત્યાં સુધી હુસેન એમનો રસ્તો જ તાકતો રહ્યો! જો કે શેઠે ના પાડી હશે એવી બીકથી એ કાકાને પૂછી ના શક્યો કે શેઠ જોડે શું વાત થઈ. ''મોટાભાઈ,'' નઝીરે વાળુ કરતી વખતે કહ્યું, "મેં શેઠને વાત કરી છે. એમણે કહ્યું કે, લઈ આવો કાલથી પણ એકાદ વરસ એ કામ શીખે, પછી એનો પગાર ચાલુ કરીશું.''

"વાહ નઝીર," આદમભાઈ બોલ્યા, "તેં બહુ સારું કામ કર્યું. ભલે એક વરસ પગાર ન આપે પણ એનો હાથ બેસી જશે પછી તો પગાર ચાલુ થશે ને? વાંધો નહીં. તારી જોડે લઈ જજે, ને સંભાળીને પાછો લાવજે."

હુસેનના આનંદે તો એ રાત્રે નિદ્રારાણીને પાંપણની નજીક પણ ફરકવા ન દીધી! સવારના એ જાગ્યો ને તૈયાર થઈને બેઠો. અમીનાબહેન અને નઝીરની પત્નીએ બન્નેનું ટિફિન ભરી દીધું. નઝીરે હુસેન ટિફિન લઈને પાછળ બેઠો એટલે બાઈક ચાલુ કરી. બારડોલી સોળ કિલોમીટર દૂર હતું પણ હુસેનને તો ક્યારે ગેરેજ આવે એની જ રાહ હતી. પહેલા દિવસે એ કાકા સાથે રહ્યો. નઝીરે એને પાના-પક્કડ આપ્યા ને જે ગાડી એ રિપેર કરતો હતો એના નટ-બોલ્ટ ટાઈટ કરવાનું કહ્યું. હુસેને કુશળતાથી એ કામ પાર પાડ્યું. બપોરે ટિફિન ખાઈને ફરી નઝીર કામે લાગ્યો ને હુસેન પણ એની જોડે જોડે એના કહ્યા પ્રમાણે કામ કરતો રહ્યો. સાંજ સુધીમાં એના હાથ અને કપડાં પણ નઝીર જેવાં જ ડીઝલ ને ઓઈલવાળા થઈ ગયાં.

અઠવાડિયા પછી તો નઝીરે એને પોતાની સાથે રાખીને એક કારનું એન્જિન ઉતરાવ્યું. એ એન્જિન ખોલવામાં પણ હુસેન કાકાની સાથે જ રહ્યો. હવે એને થોડી થોડી સમજ પડવા માંડી હતી.

બસ, પછી તો રોજ કાકાની સાથે ટિફિન લઈને જવાનું ને સાંજના ખાલી ટિફિન સાથે કાળાં કપડાં ને ડીઝલ ને ઓઈલવાળા હાથ લઈને પાછા ફરવાનું. ટિફિન ભલે ખાલી હોય પણ હુસેનનાં મગજમાં ગાડી રીપેર કરવાની ટેક્નિકો ભરાતી ગઈ.

સમય પસાર થતો ગયો. એક વરસ પસાર થઈ ગયું ને હુસેન હવે કારના રીપેરિંગમાં ઘણું બધું જાણતો થઈ ગયો. શેઠે એનો પગાર બાંધી આપ્યો - મહિને બે હજાર રૂપિયા! ઓટોમોબાઈલ એન્જિનિયરીંગની કે બીજી કોઈ પણ ટેક્નિકલ તાલીમ વિના કાકાના સહારે જ એ ઘણું બધું શીખ્યો. હવે એ જાતે જ ગાડીની ખામી શોધતો થઈ ગયો. મહિનો પૂરો થયો ને એનો પહેલો પગાર આવ્યો, એ જ રાત્રે એણે આદમભાઈ પાસે ભડિયાદ જવાની રજા માગી. "બાપુ," એણે કહ્યું, "મારે બુખારીબાવાના દીદાર કરવા ભડિયાદ જવું છે. કાલે સવારે હું જઈશ અને રાત્રે તો પાછો પણ આવી જઈશ." "ભલે બેટા," આદમભાઈ બોલ્યા, ''શાંતિથી જજે ને રાત્રે પાછો આવી જજે.''

બીજા દિવસે વહેલી સવારના ચાર વાગ્યે એક મિત્રની બાઈક લઈને હુસેન નીકળી પડ્યો. લગભગ સાડા દસ વાગ્યે તો એ ભડિયાદ પહોંચી પણ ગયો. બુખારીબાવાના દીદાર કરીને એ બાજુના તળાવની પાળ પાસે થાક ખાવા બેઠો. એ દરમ્યાન ધંધુકાથી ભડિયાદ આવેલા બે ભાઈઓ - ભીખો અને અસમાલ એને મળી ગયા. વાતવાતમાં ભીખાએ જાણી લીધું કે, હુસેન સારો છોકરો છે ને કુંવારો છે. એણે હુસેનનું નામ-સરનામું ને મોબાઈલ નંબર લઈ લીધો. બીજા અઠવાડિયે ભીખો ને અસમાલ બન્ને સુપર મોટર્સવાળા રઝાકભાઈને લઈને રઝાકની ગાડીમાં જ ઈસાનપોર આદમભાઈના ઘેર પહોંચ્યા. એમણે ચા-પાણી પતાવ્યાં, પછી ભીખાએ પોતાના આવવાનું કારણ કહ્યું. એની દીકરી રેહાનાના લગ્ન હુસેન સાથે થાય એ માટે એ આવ્યો હતો. વિગતવાર વાત સાંજે વાળુ વખતે નઝીર અને હુસેન આવ્યા ત્યારે થઈ. "જુઓ ભીખાભાઈ," આદમભાઈ બોલ્યા, "અમને વાંધો નથી પણ હુસેનના લગ્ન એક વરસ પછી થઈ શકે. હજી એ પૂરો કારીગર નથી થયો. એક વરસમાં એ ઘડાઈ જાય પછી લગ્ન ગોઠવાય. તમને મંજૂર હોય તો કહો." ભીખાએ અસમાલ સામે જોયું ને એની નજરની હા એ કળી ગયો. "અમને મંજૂર છે," ભીખાએ કહ્યું, "તમે અમને વરસ પછી ફોન કરજો અને ધંધુકા આવી જજો, આપણે લગ્નનું નક્કી કરી નાખીશું."

વરસને વીતતાં ક્યાં વાર લાગે છે? હુસેન પણ હવે સરસ કારીગર થઈ ગયો હતો. હવે કારવાળા સીધા હુસેનનો જ સંપર્ક કરતા. એનો પગાર પણ ત્રણ હજાર રૂપિયા થઈ ગયો. આદમભાઈ અને નઝીર હુસેનને લઈને ધંધુકા ગયા ને રેહાનાને જોઈ. એમને બધું ગમ્યું ને આવતા મહિને શાદીની તારીખ નક્કી કરીને ત્રણે પાછા વળ્યા.

મહિનો પણ પસાર થઈ ગયો ને હુસેનની શાદી પણ થઈ ગઈ. રેહાના ધંધુકા છોડીને ઈસાનપોર જેવા અજાણ્યા મુલકમાં આવી ગઈ.

હવે હુસેનની ગમે તે કારના રિપેરીંગમાં માસ્ટરી આવી ગઈ. ગમે તેવો ફોલ્ટ હોય, એ સાયલેન્સર પર હાથ મૂકીને, એ હાથ સૂંઘીને જજમેન્ટ આપી દેતો. એના કહ્યા પ્રમાણે જ ફોલ્ટ નીકળતો!

લગભગ છએક મહિના પછી એણે બારડોલીમાં જ ગેરેજની નજીકમાં એક મકાન ભાડે રાખી લીધું ને રેહાના સાથે ત્યાં રહેવા આવી ગયો.

હવે તો ક્યારેક કોઈ કારવાળો એની ગાડી વેચવા માટે પણ એની સલાહ લેતો, ને કોઈ ગ્રાહક ગાડી લેવા માટે પણ એની સલાહ લેતો.

ધીમે ધીમે ગાડીની લે-વેચમાં પણ એને પૈસા મળતા ગયા ને એ ધંધામાં કારીગરી પણ આવતી ગઈ. જૂની ગાડી લઈને એ રિપેર કરીને વેચી દેતો, એમાંથી પણ એને સારી કમાણી થવા લાગી.

હવે એ ગેરેજમાં હેડ મિકેનિક બન્યો હતો પણ રેહાના એને હવે ગેરેજનું કામ છોડીને માત્ર ગાડીઓની લે-વેચનું કામ કરવાનું જ સૂચવતી હતી. એકાદ વરસ પછી એણે ચાર-પાંચ ગાડીઓ મૂકી શકાય એવી જગ્યા ભાડે લઈ લીધી ને એમાં એ લે-વેચ માટેની ગાડીઓ રાખતો. હવે એને રેહાનાની વાત સાચી લાગી. રિપેરીંગનું કામ તો મજૂરીનું કામ છે ને હાથપગ ચાલે છે ત્યાં સુધી કરી શકાશે પણ ગાડીની લે-વેચ તો મોટી ઉંમરે પણ આરામથી કરી શકાય એવું એને લાગ્યું.

ધીમે ધીમે એ ગ્રાહકોને કહેવા લાગ્યો કે, ગેરેજથી આગળ પોતે આવતા મહિને ગાડીની લે-વેચ માટે ઓફિસ શરૂ કરે છે, તમે જરૂર હોય ત્યારે આવી જજો.

છ મહિના પછી એણે શેઠની હાથ જોડીને રજા માગી. "શેઠ," હુસેને કહ્યું, "ઘણાં વરસ તમારા ગેરેજમાં કામ કર્યું પણ હવે હું મારો જૂની ગાડીની લે-વેચનો ધંધો શરૂ કરવા માગું છું. આવતી પહેલીથી હું અહીં નહીં આવું. હું જે કંઈ છું, એ તમારા લીધે જ છું શેઠ, એટલે તમારે જ્યારે જરૂર પડે ત્યારે મને બોલાવી લેજો." બીજા મહિનાથી એણે પેલી ગાડીઓ મૂકવાની જગ્યાએ જ નાની ઓફિસ બનાવીને કારની લે-વેચનો ધંધો શરૂ કરી દીધો. એના ધાર્યા કરતાં વધારે સારો ધંધો ચાલવા લાગ્યો. જાણીતા તો આવતા જ પણ હવે અજાણ્યા માણસો પણ ગાડી લેવા એને ત્યાં આવતા ને ગાડી લીધા પછી સંતોષ વ્યક્ત કરતા. "હુસેનભાઈ તમારું નામ?" એક દિવસ એક ભાઈ વેગન આર ગાડી લઈને એમની પાસે આવ્યા. એમને જોતાંની સાથે જ હુસેને ગાડી પર નજર ફેરવી લીધી, એનો અવાજ સાંભળી લીધો, એની ચાલ પારખી લીધી ને એની કિંમત પણ મનમાં નક્કી કરી નાખી! "હા સાહેબ," હુસેન બોલ્યો, "ફરમાવો, શું સેવા કરી શકું?"


"મારે આ વેગન આર જૂની થઈ ગઈ છે એ વેચવી છે, ને સેકન્ડમાં કોઈ સારી ગાડી હોય તો લેવી છે, નહીં તો નવી ગાડી લેવી છે. તમે ગાડી જોઈ લો, શું કિંમત આવશે એ પણ કહી દો." હુસેને બહાર આવીને ગાડી જોઈ. એનું ફ્લોરીંગ કટાઈ ગયેલું હતું, બાકી બીજો કોઈ ફોલ્ટ નહોતો. સાહેબ," હુસેને કહ્યું, "તમારી ગાડીના બે લાખ ચાલીસ હજાર આવે પણ એનું ફ્લોરીંગ બનાવવું પડે, એના દસેક હજાર થાય એટલે બે લાખ ત્રીસ હજાર આવે. વીસ હજાર મારી દલાલીના, એટલે તમને બે લાખ દસ હજાર મળશે, બોલો, આપવી છે ?"

"હું તો ડૉક્ટર છું ભાઈ," આવેલ ભાઈ બોલ્યા, "મને ગાડીમાં બીજી ખબર ન પડે પણ આટલી રકમ ઘણી કહેવાય. ચાલશે. હવે, તમારી પાસે સારી ગાડી છે?" "જુઓ સાહેબ," હુસેને એક ગાડી તરફ હાથ લાંબો કર્યો, "સામે પડી એ હોન્ડા સીટી કાર છે, તમારા મોભા પ્રમાણે બરાબર છે અને નવા જેવી જ છે. કિંમત દસ લાખ. બોલો, ઈચ્છા હોય તો ચાવી આપી દઉં. તમે ચલાવી જુઓ." ડૉક્ટરસાહેબ ગાડી લઈને એમના ઘેર ગયા. પત્નીને ને દીકરાને બતાવી. બધાને ગમી એટલે દસ લાખ રૂપિયા લઈને જ એ ગેરેજ પર આવ્યા. "લ્યો હુસેનભાઈ" એમણે દસ લાખ રૂપિયા આપતાં કહ્યું, "મારે ભાવ ઓછા નથી કરાવવા. મારી વેગન આર વેચાય એટલે એના પૈસા મારા સરનામે તમે પહોંચાડી દેજો, ને આ ગાડીના કાગળિયા મને ક્યારે આપશો?"

''અત્યારે જ સાહેબ, ગાડી ટીપટોપ છે." હુસેનભાઈએ ટેબલના ખાનામાંથી એક ફાઈલ કાઢીને ડૉક્ટરસાહેબના હાથમાં મૂકી. ટી.ટી.ઓ. ફોર્મમાં એમની સહી લીધી ને એ સિવાયના બાકીના કાગળો ફાઈલમાં મૂકીને ફાઈલ ડૉક્ટરસાહેબને આપી. ડૉક્ટર હોન્ડા સીટી લઈને વિદાય થયા. બીજા દિવસે હુસેને ગાડીનું ફ્લોરિંગ રિપેર કરવાનું શરૂ કર્યું. એણે પાછળની સીટ કાઢી. એ સીટ કાઢતો હતો ત્યારે અચાનક એનું ધ્યાન ગયું-સીટની તિરાડમાં કંઈક સોનાની વસ્તુ ચળકતી હતી!

ધીમેથી હાથ નાખીને એણે એ વસ્તુ બહાર કાઢી ને એ આશ્ચર્યમાં પડી ગયો - એ સોનાનું ભારેખમ મંગળસૂત્ર હતું! એણે તરત જ સીટ પાછી મૂકી દીધી ને હાર લઈને એ ઓફિસમાં ગયો. એને લાગ્યું કે આવી વસ્તુ કોઈ ગાડીમાં રહેવા ન દે, કદાચ નકલી હશે. તરત જ ગાડી લઈને એ બજારમાં એક ઓળખાણવાળા સોનીની દુકાને ગયો ને ત્યાં મંગળસૂત્ર બતાવ્યું. "અસલ સોનાનું છે," સોનીએ કહ્યું, "અત્યારે બજારભાવ પ્રમાણે એના અઢી લાખ આવે. આપવું છે?" "અરે ના ભૈ," હુસેને કહ્યું ને ગાડી સીધી ભગાવી ડૉક્ટરના ઘર તરફ. સાંકડી ગલીમાં ગંગાનગર સોસાયટીમાં ડૉક્ટરના ઘેર જઈને એણે ગાડી ઊભી રાખી ત્યારે ડૉક્ટર, એમનાં પત્ની ને એમનો દીકરો ઘેર જ હતાં. "આવો હુસેનભાઈ,'' ડૉક્ટરે કહ્યું, "વેગન આર વેચાઈ ગઈ કે શું?" "અરે ના સાહેબ," હુસેને સોફા પર બેસતાં કહ્યું, "પણ આવતા અઠવાડિયે વેચાઈ જશે. આજે જ એક જણનો ફોન હતો પણ ફ્લોરિંગ થાય પછી મેં એને આપવાનું કહ્યું છે. હું તો બીજા જ કામે આવ્યો છું.'' ડૉક્ટરનાં પત્ની એક ટ્રેમાં ચા અને પાણી લઈને આવ્યાં. હુસેને ખિસ્સામાંથી એક કાગળમાં લપેટેલું મંગળસૂત્ર કાઢીને ડૉક્ટરની પત્નીના હાથમાં મૂક્યું. ''ગાડીની પાછલી સીટની તિરાડમાં આ ફસાએલું હતું એટલે હું પાછું આપવા આવ્યો છું." આટલું સાંભળતા જ ડૉક્ટરની પત્નીની આંખમાં આંસુ આવી ગયાં. ડૉક્ટરે પત્નીની પીઠ પર હાથ ફેરવ્યો પણ એ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં. "આ મારી દીકરીનું છે," ડૉક્ટર બોલ્યા, "અમે દીકરીના લગ્ન માટે સુરત ભરતભાઈ ધકૂડની દુકાનેથી ઘરેણાં ખરીદીને આવતાં હતાં, એ વખતે મારી પત્નીએ રસ્તામાં બોક્સ ખોલેલું એ વખતે એ સીટમાં પડી ગયું હશે. પછી અમે બહુ શોધખોળ કરી પણ ન મળ્યું એટલે અમે બીજું મંગળસૂત્ર ખરીદીને ઘરેણાં સાથે મૂક્યું ને દીકરીને વિદાય કરી, પણ મારી દીકરી...." આંખમાં આંસુ સાથે ડૉક્ટરે સામેની દીવાલ પર લટકતા એમની દીકરીના સુખડનો હાર ચડાવેલા ફોટા તરફ નજર કરી. ''મારી દીકરી પહેલી ડિલિવરીમાં જ..'' એ આગળ ન બોલી શક્યા. "હુસેનભાઈ," ડૉક્ટરની પત્નીએ કહ્યું, "મારે તો હવે દીકરી નથી ને આ મંગળસૂત્ર જોઈને મારો જીવ બળશે. તમારા જેવા પ્રામાણિક માણસ મેં નથી જોયા. આ મંગળસૂત્ર તમારી દીકરી માટે હું આપું છું. તમે ન લો તો મારા સમ છે. દીકરીની વિદાયની પીડા અત્યાર સુધી પંપાળી પણ આ મંગળસૂત્ર જોઈને એ પીડા હવે વસમી બની જશે હુસેનભાઈ, તમે લઈ જ જાવ.'' ડૉક્ટરસાહેબે પરાણે હુસેનભાઈના ખિસ્સામાં મંગળસૂત્ર મૂક્યું ત્યારે હુસેનભાઈની આંખોમાં પણ ભીનાશ વરતાતી હતી !

(શીર્ષકપંક્તિ: વારિજ લુહાર)



એણે પાછળની સીટ કાઢી. એ સીટ કાઢતો હતો ત્યારે અચાનક એનું ધ્યાન ગયું-સીટની તિરાડમાં કંઈક સોનાની વસ્તુ ચળકતી હતી!